
# નવા પાળકોને તાલિમ આપનારાઓ માટે માર્ગદર્શિકા

ડાઉનલોડ પી – ટી સ્ટડીઝ વિનામૂલ્યે www. paul-timothy.net

તાલિમ આપનારની પ્રાર્થના :

વહાલા પ્રભુ, નવા પાળકોને તમારા વચન દ્વારા શિક્ષણ આપવામાં
અમારી સહાય કરો. જેથી તેઓ તમારા આપેલા ટોળાનું પાલન કરે.




તમારા આત્માના સામર્થ્યમાં સેવા કરે. પ્રભુ ઈસુ અમારા તારનાર ના
નામમાં માગીએ છીએ, આમેન.

## માર્ગદર્શન - ૧. ત્રણ તાલિમ પદ્ધતિઓમાં નવા પાળકોને તૈયાર કરવા.

૧)ઉચ્ચ પાળકીય કાર્યનો નમૂનો આપવો  ૨) સલાહ  ૩) ભલામણ

નમૂનો, અનુભવસિધ્ધ સલાબ અને કલાસરૂમ લેક્ચર વચ્ચે સમતુલા જાળવો.પાળકોને એ રીતે તાલિમ આપો કે તેઓ ખાતરી પામે કે તમનું ટોળું વૃધ્ધિ પામશે. ત્રણ તાલિમ પધ્ધતિઓ ૧) નમૂનો ૨) સલાબ ૩) લેક્ચર વચ્ચે યોગ્ય સમતુલા કરવા દ્વારા તે થઈ શકશે.

૧ લી પધ્ધતિ - પાળકો માટે નમૂનાની બુધ્ધિ



પાળક માટેની જુદી જુદી કળાનું અઠવાડિયા દરમ્યાન નિર્દેશન કરો.

બીજી પધ્ધતિ નાના જૂથોમાં સલાહ-સેવા



નાના જૂથમાં ભેગા મળવું. પોતાનું ટોળું શું કરે છે તે વિષે દરેક તાલિમાર્થીઓનો અહેવાલ તમે સાંભળી શકો. પછી દરેક ટોળાની જરૂરિયાત પ્રમાણે દેવનું વચ આપો તાલિમાર્થી પાળક અને તેમનું ટોળું બીજા અઠવાડિયા માં શું કરશે તેની યોજના કરવામાં તેમની સહાય કરો.

ત્રીજી પધ્ધતિ મોટા જૂથને ઉપદેશ આપો.



મોટા જૂથો માટે સમય સમય પર સેમીનાર ગોઠવો.

આ ત્રણે પધ્ધતિઓ વિષે વિગતવાર જોઈએ.

પધ્ધતિ-૧ પાળકપણા વિષે અભ્યાસ કરી રહેલાઓ માટે ઉચ્ચ પાળકીય કાર્યના નમૂના

પાળકીય કાળજી વિષે અનુભવસિધ્ધ સમજણ આપો. આ બાબતના એવા પાસાઓ કે જે હજુ તેઓની જાણમાં આવ્યા નથી તે બતાવો. ઈસુ અને તેના પ્રેરિતોએ તેઓ શિખવતા હતા, સાજાપણુ આપતા હતા અને સલાહ આપતા હતા ત્યારે જે નમૂનો આપ્યો તે પ્રમાણે પાળકીય કાર્યા ના નમૂના સમજાવો.

અઠવાડિયા દરમ્યાન તેમની સાથે કામ કરીને પાળકીય કાર્ય સમજાવો. કેવળ ભજનસેવા વખતે સમજાવો એટલું પુરતું નથી તાલિમ લેનાર તાલિમ આપનારની સાથે ફરે અને જૂએ કે તેઓ પોતાના ટોળાની કેવી સંભાળ લે છે. ઘણીવાર તાલિમ આપનાર તાલિમ લેનારના નવા ક્ષેત્રમાં જઈને તેના નવા કામની સંભાળ લેવામાં મદદરૂપ બને છે.

પધ્ધતિ-૨ સ્થાનિક નાના ગ્રુપને અનુભવસિધ્ધ સલાહ આપવી.

તાલિમ લેનારાઓના બેથી પાંચના નાના જૂથ બનાવવા. નાના જૂથને કારણે તાલિમ આપનાર તેનો અહેવાલ સાંભળી શકે કે તેમનું ટોળું શું કરે છે, જુદી જુદી જરૂરિયાતોમાં તેઓ કઈ રીતે કાર્ય કરે છે અને દરેક ટોળામાં કેવી તકો ઊભી થાય છે. સામાન્ય રીતે એક, બે અથવા વધારેમાં વધારે ત્રણ મંડળીઓમાંથી તાલિમ લેનારાઓ એક જૂથમાં ભેગા થતા હોય છે.

પધ્ધતિ-૩ મોટી મીટીંગોમાં સામાન્ય સત્યો અંગે શિક્ષણ આપવું જે બધી મંડળીઓને લાગુ પડે છે.

જ્યારે શક્ય બને ત્યારે મોટા વિસ્તારને આવરી લઈ તેમાંના બધા પાળકોને ભેગા કરીને તે બધાને લાગુ પડતું પાળકીય શિક્ષણ આપવું.

તમારી યોજના લખો.

પહેલાં સહાય માટે પ્રાર્થના કરો અને પછી ઈસુ અને તેના શિષ્યોના નમૂના પ્રમાણે ત્રણે પધ્ધતિઓનું સમતુલન સાધતી યોજના કાગળ ઉપર તૈયાર કરો.

## માર્ગદર્શન-૨ તાલિમ લેનાર ના ટોળાની ઉણપો અનુસાર અભ્યાસક્રમ નક્કી કરો.

તમને તાલિમ આપનારનો સંપર્ક કરો અથવા કોઓર્ડીનેટર મારફતે પોલ તિમોથી યુઝર્સ મેનુ મેળવો અથવા ઉપર ડાઉનલોડ કરીને ડાઉનલોડ મેનુ ક્લીક કરો. તમારી પસંદગીનું ફોર્મેટ તેમાંથી નક્કી કરો સાથે એ પ્રિન્ટેબલ વર્ઝન ઓફ યુઝર્સ મેનું  મેળવો. તો મથાળે સૂચનો આપેલા છે તે ધ્યાનમાં લો.

- તાલિમ આપનાર અને તાલિમ લેનારાઓએ નાના જૂથમાં મળીને પોલ તિમોથી યુઝર્સ મેનુ માંથી અભ્યાસ ક્રમ નકકી કરવો.
- યથાયોગ્ય અભ્યાસક્રમ પસંદ કરવાનો અત્યારથી મહાવરો કરો. નીચે કેટલીક સેવાઓ અને સેમ્પલ અભ્યાસક્રમે આપેલા છે જે પોલ તિમોથી યુઝર્સ મેનુમાંથી લીધેલા છે. ત્યાં કૌંસ આપેલા છે તેમાં ✓ કરે. જે પ્રવૃત્તિ કે જરૂરિયાતની તમારા ટોળામાં ઉણપ છે. તેની સામે ✓ કરવાનું ધ્યાનમાં રાખશો.

**સેવાઓ અને સેમ્પલ અભ્યાસક્રમો (યુઝર્સ મેનુમાંથી)**

| સેવા<br>નવા કરારમાં બતાવેલ મંડળીમાંની પ્રવૃત્તિ | નવા પાળકો અભ્યાસના નમૂના<br>(આ સૂચિ માત્ર થોડા અભ્યાસક્રમો બતાવે છે બધા નહિ) |
|---|---|
| ( ) ખાતરી, સલાહ અને મુલાકાત | ભય અને શરમ ઉપર વિજય |
| ( ) બાયબલ સર્વે, ખુલાસો અને જીવનમાં અમલ | ઉત્પતિ અને તેમાંના ભક્તો |
| ( ) મંડળી ઊભી કરવી, જૂથો વધારતા જવું | નવી મંડળીઓ અને જૂથો શરૂ કરવા |
| ( ) શિષ્યો બનાવવા-ખ્રિસ્ત પ્રતિ આધિનતા | આપણા મહાન રાજા ખ્રિસ્તને આધિન જવું. |
| ( ) સુવાર્તા પ્રચાર, બાપ્તિસ્મા, તારણ | ખ્રિસ્ત વિષે સામર્થ્યથી સાક્ષી આપવી |
| ( ) આપવું, કારભારીપણું | બાર્નાબાસ-ઉદાર આપનાર |
| ( ) ખ્રિસ્તમાં વૃધ્ધિ, બદલાયેલું જીવન | જીવન પરિવર્તન-દૈવી સ્વભાવ |
| ( ) ખૂબ અગત્યની ઈતિહાસની ઘટનાઓ | મંડળીનો ઈતિહાસ-પહેલા ૪૦૦ વર્ષ |
| ( ) પ્રેમ, કૌટુંબિક સંગત, અન્યોની સેવા, સંગત | બીજાને મદદ કરવા દ્વારા પ્રેમ દેખાડવો |
| ( ) મિશનો, વિવિધ સંસ્કૃતિઓ મધ્યે | નકારાયેલા લોકો પાસે મિશનેરી મોકલો |
| ( ) વ્યવસ્થાતંત્ર અને દોરવણી | આત્મિક દાનો વડે સેવા |
| ( ) પ્રાર્થના, વિશ્વાસ, સાજાપણું | ઈસુના નામમાં સાજાપણું |
| ( ) બાયબલ પ્રમાણે શિક્ષણ, વાર્તા કહેવી | બાળકોની બાયબલ માર્ગ શીખવો |
| ( ) આગેવાનોને તૈયાર કરવા, સૂચન આપવા | ઈસુ અને પાઉલની જેમ નવા આગેવાનો તૈયાર કરો |
| ( ) ભજનસેવા, મેજની સેવા અને ખાસ પર્વો | હારૂન અને અન્ય ભાષાના આગેવાનો |

એક સારો તાલિમ આપનાર વિશ્વાસીઓના નવા જૂથમાં પાળકીય વડીલોને પસંદ કરીને તાલિમ આપે છે. દરેક ટોળામાં વર્તાતી ખામી પ્રમાણે તે તાલિમ આપનારાઓને દોરવણી આપવા અંગે સહાયરૂપ થાય છે. (તિત.૧:૫) ક્યા ટોળામાં શેની ઉણપ છે તે જાણવા માટે તાલિમ લેનારાઓને સાંભળો કે તેમનું ટોળું શું કરે છે અને હજુ શું નથી કરતું.

**''અમે તાલિમ આપનારાઓ સૌ પ્રથમ તાલિમ લેનારાઓને કાળજીપૂર્વક સાંભળીએ છીએ.''**



- પોલ તિમોથી તાલિમ એક સીધો સટ અભ્યાસક્રમ નથી કે જેમાં વિદ્યાર્થી પહેલી બાબતથી શરૂ કરે અને સીધી લીટીમાં બીજી બાબતમાં પ્રવેશે અને એમ અંત સુધી રહે. પરંતુ તમારે ઘણા વિકલ્પોમાંથી પસંદગી કરવાની છે જેમાં તમારી ચાલુ જરૂરિયાત પ્રમાણે પસંદગી કરાય છે. ઈસુ માત. ૧૩:૫૨માં શિક્ષકોને ઘણાં વિકલ્પો વાપરવાની સલાહ આપે છે, ''હરેક શાસ્ત્રી (શિક્ષક)..... તે એક ઘરધણી કે જે પોતાના ભંડારમાંથી નવી તથા જૂની વસ્તુો કાઢે છે તેના જેવો છે.''
- આ અભ્યાસનો દરેક સેટ નવા પાળકો માટેનો અભ્યાસ ક્રમ તેમજ બીજા ભાગમાં જ વિષય ઉપર બાળકો માટેનો અભ્યાસક્રમ ધરાવે છે.

**તમારી યોજનાઓ લખો.**

કોને શિક્ષણ આપવાની તમે યોજના કરો છે જે તાલિમ પામીને તમારા ટોળા પર કે નવા ટોળા પર પાળક બને ?

________________________________________

તમારા તાલિમાર્થીને શરૂઆત પોતાના ઘર પર યોગ્ય પાળક બનવા માટે અને પછી જેઓને તે ખ્રિસ્તને માટે જીતે તેમના ઉપર બાળક બનવા માટે કેવી રીતે મદદરૂપ થશો ?

________________________________________

________________________________________


________________________________________

________________________________________

જો કોઈ તમને તાલિમ આપતું હોય તો તમે ઉપરની સેવાઓમાં ક્યાં ✓ કર્યું છે તે બતાવો. પછી તે તમને યોગ્ય અભ્યાસક્રમ અને ઉચ્ચ તાલિમ માટે સહાય કરશે.

તમે જે સેવા પસંદ કરો છો તેના ઉપરના અભ્યાસક્રમમાં ક્યો ક્રમ છે ? (સ્ટડીમાં નામ પછી ક્રમાંક લખેલા છે) ____________________


## માર્ગદર્શન ૩ શિક્ષણ વખતે જ્યાં પવિત્રશાસ્ત્ર ભાર મૂકે ત્યાં ભાર મૂકો.



પ્રભુ ઈસુ અને પાઉલ તાલિમ માટેના આપણા ઉત્તમ નમૂના છે. પ્રભુ ઈસુ અને પાઉલ તાલિમ માટે જે માર્ગદર્શિકા અપનાવી તેને આપણે અનુસરીએ છીએ. નવા પાળકોએ મહિનામાં એક કે બે વાર તાલિમ આપનારને મળવું જોઈએ જે તેમની વાત સાંભળે અને તેમના ટોળાની જરૂરિયાતો શોધી શકે. ત્યાર પછી તાલિમ આપનારે તાત્કાલિક ધોરણે તે જરૂરિયાતો સંતોષાય તેવા પગલા તેઓની પાસે ભરાવવા તેમને પૂરા તૈયાર કરવા જોઈએ જો ટોળું નવું હોય તો તાલિમ લેનારાઓએ વધારે વખત તાલિમ આપનારને મળવું જોઈએ.

- શિક્ષણ સહાયની જરૂર મુખ્યત્વે નવા પાળકોને હોય છે. પુખ્ત આગેવાનો પ્રસંગોપાત થતા સેમિનારોમાંથી શિક્ષણ મેળવી લેતા હોય છે. કોઈ ખાસ બાબત જો ઊભી થાય અને તેમણે નિષ્ણાંતની સલાહ લેવી પડે તે જુદી બાબત છે.
- સામાન્ય રીતે આગેવાન નવી મંડળીના પાળકને જે શિક્ષણ આપે છે તે તેના કે તેના ટોળા દ્વારા આગળ વધતુ જોય છે. ૨ તિ. ૨ઃ૨
- સલાહ આપનાર (કે શિક્ષણ આપનાર) ઉંમરલાયક કે ઉચ્ચ અનુભવી આગેવાન હોવો જરૂરી નથી. જેઓને તે શીખવે છે તેઓ કરતા એક મહિનો જ જૂનો હોય તો ચાલે આ તો વધારે સારૂં કારણ કે નવા શીખનારાઓની જરૂરિયાને તે વધારે સહાનુભૂતિથી સમજી શકે છે. આવા શીખવનારાઓ ના પણ પાછા ઉપરી શીખવનાર હોવા જોઈએ જેથી એક સાંકળ બને.

પોલ તિમોથી સ્ટડીમાંથી શિક્ષણ આપવું સહેલું પડશે. શીખાઉ પાળકો આગળ જતા નવા પાળકોને શિક્ષણ આપી શકે. તેમને નવા ટોળાઓની જરૂરિયાતો અનુસારનું સાહિત્ય તમારે પૂરૂં પાડવું પડે. પોલ તિમોથી સ્ટડી સારૂં સાહિત્ય પુરૂં પાડે છે. તેનો ઉપયોગ કરવો સારો છે. તાલિમાર્થીની ભાષામાં તેનો અનુવાદ કરી લેવો શિક્ષણ સહાય ટૂંકા ગાળાની હોય છે. નવા વિશ્વાસીઓની નવી મંડળીના નવા પાળકો એ બાળ-ટોળાના બાળ પાળકો જેવા હોય છે. તેમને હંમેશા શિક્ષણ સહાય જરૂરી છે. જે પ્રમાણે નવજાત શીશુને તેની ત્વરિત જરૂરિયાતો માટે કાળજી જરૂરી હોય છે તેમ.



- નવા આગેવાનો ને શિક્ષણ સહાય તે સમય માંગી લેતી બાબત છે. એ જ માટે મોટા ગ્રુપો માટે વખતોવખત સેમિનારો રાખવામાં આવે છે. પાઉલે તિમોથી અને તિતસને પિતા સમાન પ્રેમથી શિક્ષણ સહાય આપવા પાછળ ઘણો સમય ખર્ચયો હતો. જ્યારે તેઓ પુખ્ત થયા અને હવે તેમને વારે વારે શિક્ષણ આપવું જરૂરી ન હતું. ત્યારે પાઉલ તેમને છોડીને બીજાને શિક્ષણ આપવા જાય છે.
- તિમોથી અને તિતસને પાઉલની શિક્ષણ સહાય પૂરી થઈ કે તેઓએ તે સાંકળ આગળ ચાલુ રાખી, તેઓ જે પાઉલ પાસેથઈ શિખ્યા તે તેમણે નવા આગેવાનોને શિખવ્યું. જેમ નવજાત શિશુ ખાસ ધ્યાન માંગી લે છે તે જ રીતે નવા આગેવાનો અને નવા ચર્ચો માટે છે. જ્યાં સુધી તેઓ નવા કરારના નમૂનાના કાર્યો કરતા થાય ત્યાં સુધી તેમના કાળજી જરૂરી છે.

**તમારી યોજના લખો.**

તમે કોને શિક્ષણ સહા. શરૂ કરશો ? ______________________________

તમે કયારે શરૂઆત કરશો ? ______________________________

## માર્ગદર્શન-૪ તમે કોઈને જવાબદાર બનો, બીજાઓને જવાબદારી સોંપો

દેવના કામનો આગેવાન બીજા આગેવાનોને જવાબદાર હોવો જોઈએ. તમે અને બીજા આગેવાનોએ એકબીજાની સેવાની ચકાસણી કરવી જોઈએ. એકબીજા પર અંકુશ મૂકવા માટે નહિ, પણ એકબીજાની સેવા વિશેષ વૃધ્ધિ પામે તે માટે.

આવી જવાબદારીની વૃત્તિ જો એકબીજા પર સાચો પ્રેમ હોય તો દરેક ભાગીદાર માટે આનંદપ્રદ બને છે.

તમારે બીજા આગેવાનોને વખતોવખત મળવું જોઈએ અને તમારા કામનો રીપોર્ટ આપવો જોઈએ. તમારા કામની બીજા આગેવાનો પાસે ચકાસણી કરાવ્યા સિવાય પાળકનું કામ કરવાથી આગળ જતા બેદરકારીના નુકશાનકારક પાપનો ભોગ તમારી સેવા થઈ પડશે.

પાઉલ શરૂઆતમાં યરૂશાલેમના બીજા આગેવાનોને જવાબદાર હતો (ગલા.૨ : ૧-૨)

પછીથી પાઉલ અને બાર્નાબાસને પોતાની મુસાફરીનો રીપોર્ટ તેને મોકલનાર અંત્યોખની મંડળીને આપ્યો હતો. (પ્રેકૃ.૧૩ : ૧ - ૩૩, ૧૪ : ૨૬ - ૨૮)

તમારે અને અન્ય આગેવાનોએ એકબીજાને તપાસતા રહેવું જોઈએ(કોલોસી ૩ : ૧૬) અને તમારી ભૂલો એકબીજાને કહેવી જોઈએ (યાકૂબ ૫ : ૧૬) તમારે બીજા આગેવાનોની સલાહ પર ધ્યાન આપવું જોઈએ અને તેમની ટીકાઓ ઉપર પણ લક્ષ આપવું જોઈએ.

બધા પાળકોએ ઉપરીની દેખરેખમાંથી પસાર થવું જોઈએ જેનાથી આગેવાનોને ખાતરી થાય છે કે એકબીજાની સેવાઓ બાઈબલ પ્રમાણે છે. તે તમારી આગેવાન તરીકેની ક્ષમતામાં વૃધ્ધિ પામવા સહાયરૂપ થશે અને તમને લોકો પર સ્વાર્થી અને નિંદાપાત્ર અંકુશ કરતા અટકાવશે.

**તમારી યોજનાઓ લખો.**

કોણ તમને શિક્ષણ સહાય આપશે ? ____________________


શરૂઆતમાં તમે કેટલી વધારે વખત મળશો ? ____________________

એ તમારી પાસે શિક્ષણ સહાય નથી તો કોઈ પોલ તિમોથીનો ઉપયોગ કરતુ હોય તેમની સાથે ગોઠવણ કરો. જો તમને એવી કોઈ વ્યક્તિ ન મળે તો તમે પોતે સાંકળ શરૂ કરો તમે કોઈને શિક્ષણ આપો અને એમ સાંકળ આગળ વધશે. જેમ પાઉલે તિમોથીને ૨ તિ.૨:૨ માં કહ્યું તેમ.

## માર્ગદર્શન-૫ વૃધ્ધિ માટે બાઈબલના માર્ગદર્શનને અનુસરો.

ઈસુએ જે માર્ગ બતાવ્યો તે પ્રમાણે જ્યાં જ્યાં પ્રેરિતોએ શિષ્યો બનાવ્યા ત્યાંત્યાં મંડળીઓ વૃધ્ધિ પામી. જ્યાં પાળકો ખ્રિસ્તની આધિનતાના પાયામાં રહીને કામ કરે છે ત્યં આજે પણ દેવ તે જ પ્રમાણે કામ કરે છે. તમારે તમારા ટોળાને તેમજ નવા ટોળાઓના નવા પાળકોને ઈસુ અને પ્રેરિતોએ ચિંધેલો માર્ગ શિખવવો જોઈએ. જે પ્રમાણે પાઉલે તિમોથીને શિક્ષણ આપ્યું, તે શિક્ષણ તિમોથીએ વિશ્વાસુ માણસોને સોંપ્યું, તેઓએ આગળ બીજાને શિખવ્યું, એમ આરીતે ઘણી મંડળીી ઊભી થઈ.

ઈસુ અને તેના પ્રેરિતોએ નવા આગેવાનોને શિક્ષણ આપવા દ્વારા તૈયાર કર્યા. જેમ મંડળી વૃધ્ધિ પામે તેમ આગેવાનોને શિક્ષણ આપીને તૈયાર કરવાની જરૂર ઊભી થાય છે કારણકે દરેક શિખાઉ પાળક મંડળીના નવા પાળકોને તૈયાર કરે છે. જેથી તેનું ટોળુ આગળ પ્રગતિ કરે.



નવા પાળકો અનુભવ સિધ્ધ ઉચ્ચ પાળકીય કાર્યના નમૂનાની રીતો અને દેવનું વચન પોતાના સેવાકાર્યમા વાપરે છે આમ તેઓ ૧ કોરંથી ૧૧:૧ અનુસાર અનુસરણ કરનારા બને છે.

પ્રભુ ઈસુએ તેના રાજ્યની વૃદ્ધિ અને વિસ્તતિકરણ ને ઉગતા છોડ સાથે સરખાવ્યા છે. જો આપણે સારી ભૂમિમાં ઘણો વાવીએ તો ૧૦૦ ગણું ઉપજાવવાની ક્ષમતા તે ધરાવે છે. (માર્ક-૪)

એ ધ્યાન રાખવું કે તાલિમ લેનાર દરેક પણ નવા પાળકોને જલ્દીથી તાલિમ આપવાનું શરૂ કરે, આરીતે ટોળું પુનરૂત્પત્તિનું કાર્ય ચાલુ રાખશે. તાલિમ સાથે સુવાર્તાપ્રચાર પણ અવશ્ય છે. સતત પ્રાર્થના, સુવાર્તા પ્રચાર અને દેવની મદદ વડે કાર્ય કરનારાઓ વધતા જશે. અને મંડળીઓ વિસ્તાર પામતી જશે.



સ્વીકાર કરતા હોય તેવા લોકોને શોધો. જ્યાં લોકો સુવાર્તા નો નકાર કરે છે તેવા સ્થાનો માટે પ્રભુ ઈસુ એ પગની ધૂળ ખંખેરી નાખવાની સલાહ આપી છે. અને તે સ્થાન છોડી દેવું જોઈએ. આનો અર્થ આપણે ઘર છોડી દઈએ તેમ નહિ. પણ આપણે એવા માણસો શોધવા માટે ફરીએ તેવો છે. આપણે એવા માણસો શોધીએ જેને દેવે તૈયાર કર્યા છે. સામાન્ય રીતે કંગાલ લોકો દેવના વચનનો વધારે અંગીકાર કરનાર હોય છે.

ઈસુ અને તેને પ્રેરિતોની માફક શિક્ષણ સહાય એ સામર્થ્યવાન બાબત છે જે વડે દેવનું ઘર વૃધ્ધિ પામે છે. ઈસુએ પ્રેરિતોને સત્ય અને કરણીઓ સાથેનું પેકેજ આપ્યું તે સહેલાઈથી આપણે બીજાને આપી શકીએ છીએ. આતો રીલેરેસની રમતમાં બેટન(લાકડી) જેવું છે.

તાલિમ આપનાર અને લેનાર વચ્ચેના એકબીજાની કાળજી લેનારા સંબંધો જે દેવથી છે તેને કારણે આ બેટન (લાકડી) એવા હાથોમાં પહોંચે છે જે દ્વારા અસરકારક આગેવાનો તૈયાર થાય છે. અને મંડળીઓ વિસ્તાર પામે છે.

ઉત્તમ તાલિમ આપનાર નવા આગેવાનોને એવી રીતો બતાવે છે જે ઝડપથી અને સહેલાઈથી તેઓ અજમાવી શકે, તાલિમ આપનારાઓએ જે સાધનો તેમના તાલિમાર્થી પાસે ના હોય તેનો ઉપયોગ ઉચ્ચ પાળકીય કાર્યના નમૂનાની રીતો સમજાવતા ન કરવો જોઈએ.

શાસ્ત્રમાં આવી શિક્ષણ સહાય આગળ જતા સાંકળમાં પરિણમી અને કેટલીક પેઢીઓ સુધી આ શિક્ષણને સિલસિલો વધતો ગયો, પેઢીઓમાં તે ફેલાતું ગયું. તેઓ આગળ અને આગળ વિસ્તાર કરતા ગયા. તેના ઉદાહરણોમાં

**યિથ્રોએ** મુસાને શિક્ષણ-સલાહ આપી.

**મુસાએ** યહોશુઆ અને વડીલોને તે શિક્ષણ આપ્યું. દેવે દસ આજ્ઞાઓ મૂળમાં નવા વડીલોના ઉપયોગ માટે આપી. પાળકસેવાની શરૂઆત દસ દસના જૂથથી થઈ. (નિર્ગ.૧૮-૨૦)

**યહોશુઆએ** સૈન્ય ના બીજા સરદારોને શિક્ષણ આપ્યું.

**દબોરાહે** બારાકને શિક્ષણ સોંપ્યું પરિણામે બારાકે દેવ માટે મોટો લશ્કરી વિજય હાંસલ કર્યો.

**એલીએ** શમૂએલને તૈયાર કર્યો.

**શમૂએલે** શાઉલ અને દાઉદ કે જેઓ મોટા રોજાઓ બન્યા તેમને તૈયાર કર્યા.

**અહીથોફેલ** અને નાથાને પણ દાઉદને શિક્ષણ આપ્યું.

**દાઉદે** તેના સૈન્યના ઉપરીઓ અને સરકારી ઉપરીઓને શિક્ષણ આપ્યું કે સંયુક્ત ઈસ્રાએલનું રાજ્યઊભું થાય.

**દાઉદે** તેના દીકરા સુલેમાનને શિક્ષણ આપ્યું.

**સુલેમાને** શેબાની રાણીને શિક્ષણ આપ્યું. તે પોતાના દેશ અને લોકોમાં સુેમાનનું જ્ઞાન નીતિવચનોના રૂપમાં લઈ ગઈ જેમાં દેવના નિયમો હતા.

**એલિયાહે** એલીશાને જ્ઞાન આપ્યું.

**એલીશાએ** યોઆશ રાજા અને અન્યને શિક્ષણ આપ્યું.

**દાનીએલે** નબૂખાદનેસ્સાર રાજને શિક્ષણ આપ્યું. રાજાએ પછીથી પોતાને દેવ આગળ નમ્ર કર્યો.

**મોર્દખાઈએ** એસ્તરને શિક્ષણ આપ્યું.

**એસ્તરે** આર્તાહશાસ્તા રાજાને શિક્ષણ આપ્યું તેને કારણે દેવના લોકોનો બચાવ થયો.

**ઈસુએ** બાર પ્રેરિતોને શિક્ષણ આપ્યું. તેમણે પ્રથમની મંડળી બાંધી. બાર પ્રેરિતોએ પાઉલ અને બીજાઓને શિક્ષણ આપ્યું.

**પાઉલે** તિતસ, તિમોથી અને અન્યોને શિક્ષણ આપ્યું.

**તિમોથીએ** એપાફ્રાસ અને અન્ય વિશ્વાસુ માણસોને શિક્ષણ આપ્યું.

**એપાફ્રાસ** (૨તિ.૨:૨) જેને કારણે સાંકળ બની જેના લીધે એશિયામાં ઘણી મંડળીઓ બની.

**ફિલીપે** ઈથિપોયિયાના હબશી ખોજાને શિક્ષણ આપ્યું. આ અધિકારીએ ખ્રિસ્તનો અંગીકાર કર્યો. અને અરણ્યમાં બાપ્તિસ્મા લઈને તારણ પામ્યો.

**પ્રિસ્કીલા અને આકુલાએ** એપોલસને શિક્ષણ આપ્યું આને કારણે એપોલસની સેવાની ભૂલ સુધરી અને નવા ફળો તે લાવ્યો.

**તમારી યોજનાઓ લખો.**

કલાસરૂમમાં જે રીતે ભણાવવામાં આવે છે તે સિવાયની પદ્ધતિથી જો તમે કદી લોકોને શિખવ્યું નથી તો એકપળને માટે પ્રભુ પાસે આવો અને પ્રાર્થના દ્વાર સહાય માંગો.

જો તમારા દૈનિક કાર્યક્રમમાં લોકોને વ્યક્તિગત મળીને શિક્ષણ આપવા માટેનો તમારી પાસે સમય ન હોય તો બતાવો કે આ જવાબદારી તમે કોને સોંપી શકો જેથી કરીને તમારા ટોળાની ખ્રિસ્ત અને તેના પ્રેરિતોના પગલે આગેવાનો તૈયાર કરવાની તાલિમ બંધ ન પડે.


૨ તિ ૨:૨ પ્રમાણે જે પાળક તાલિમ લઈ રહ્યા હોય તે બીજી બાજુ નવા પાળકને તાલિમ આપનાર પણ બની શકે. આ રીતના તાલિમકાર્યને કારણે તમારૂ ટોળું અને નવું ટોળું પુનરૂત્પત્તિની પ્રક્રિયા જોરશોરથી જાળવી રાખી શકે, નવા આગેવાનો ઊભા થતા જાય અને ખ્રિસ્ત વિષેની આ વિસ્તૃત ચળવળ જળવાઈ રહે. જેમને તમે તાલિ આપો તે જલ્દીથી બીજાને તાલિમ આપવા માંડે. તેઓ કોને તાલિમ આપી શકે તેમના નામ જો તમે ઓળખતા હો તો લખી આપો અને જો જાણતા નથી તો શોધી કાઢો.

---

આમાં જેઓ તમને પાળકની તાલિમ આપવામાં મદદરૂપ થઈ શકે તેવા બીજાઓના નામો લખો.

---

## માર્ગદર્શન-૬ પરણેલા આગેવાનો એ તેમની પત્ની અને બાળકોની કાળજી લેવી જોઈએ.



પાઉલ ચેતવણી આપે છે કે જે આગેવાન પોતાના કુટંબની કાળજી લેવામાં નિષ્ફળ જાય છે તેણે વિશ્વાસનો નકાર કર્યો છે અને વિશ્વાસી કરતા પણ ખરાબ છે. (૧તિ.૫:૮)

સાચો પાળક તેના કાર્યની શરૂઆત તેના કુટુંબની કાળજી લેવાથી કરે છે.

ઘણાં પાળકો બીજા લોકો સાથે ખૂબ સમય ગાળે છે. અને પોતાની પત્ની અને બાળકોને અવગણે છે તેને કારણે ઘણી મંડળીઓ અને કુટુંબોને સહન કરવું પડે છે.

**તમારી યોજનાઓ લખો.**

તમે તમારી પત્ની અને બાળકોની યોગ્ય સંભાળ લો છો તેની ખાતરી માટે તમે શું કરશો ?

___

___

___

___

___

___

___

## માર્ગદર્શન-૭ તાલિમ આપનારાઓ દેવના વચનમાંથી સોનું શોધી લેવું જોઈએ.



દરેક પાળકની સહાય કરો કે તે એક કામ કરનાર જ્ઞાનપિપાસુ બને કેવળ નિષ્ક્રિય સાંભળનાર કે નિષ્ક્રિય વાંચનાર નહિ. તેણે પોતે દેવના વચનમાંથી તેની મંડળીને માટે ઉપયોગી સત્યો શોધવા જોઈએ. બીજા તેના બધી વિગતો શિખવે. તેવું ન ધારવું જોઈએ.

શીખનાર પોતની રીતે શીખી શકે તેવી બાબતો શીખવવી નહી.

પ્રશ્નો પૂછો જેથી તાલિમ લેનાર વિચારી શકે કે દેવ તેની અને તેના ટોળા પાસે શું કરાવવા માંગે છે. પોલ તિમોથી સ્ટડી તેના બાઈબલમાંથી મળી શકે તેવી બાબતો બતાવે છે.

## માર્ગદર્શન-૮ શિક્ષણ આપતી વખતે પાંચ બાબતો કરો.

આ પાંચ બાબતો પ્રાર્થના, સાંભળવું, યોજના પુનરાવર્તન અને કાર્યસોંપણી છે.

**૧. તાલિમ સમય પહેલા, તે દરમ્યાન અને પૂરૂં થયે પ્રાર્થના કરો.**

તાલિમ શરૂ કરતી વખતે પ્રભુ હાજર સર્વને દોરવણી આપે માટે પ્રાર્થના કરો.

તાલિમ સમયમાં તમે કોઈ પ્રશ્ન બાબતે કાર્યવાહી કરતા હો ત્યારે કે કોઈ નિર્ણય લેતી વખતે કે કોઈ ખાસ સમસ્યા માટે તમારે પ્રભુનું જ્ઞાન કે શક્તિ જરૂરી હોય તે માટે પ્રર્થના કરવી.

તાલિમ પૂરી થયે તમે તમારા માટે અને તમારા ટોળા માટે તમે જે યોજના બનાવી હોય તેને અમલમાં મૂકવા માટે પ્રાર્થના કરો.

**૨. દરેક તાલિમ લેનારને સાંભળો. દરેકને કહેવા દો કે તે અમે તેમનું ટોળું કઈ પ્રવૃત્તિ કરે છે.**

નવા પાળકોને કહો કે સફળતા અને નિષ્ફળતા બંને પાસાઓનો રીપોર્ટ આપે.

આ રીપોર્ટને તેમણે બનાવેલી યોજનાઓ સાથે તે પછીના સેશનમાં સરખાવો.

**૩. દરેક ના ફિલ્ડ વર્કનું આયોજન કરો.**

દરેક તાલિમ લેનાર પાળક અને તેમનું ટોળું સપ્તાહ દરમ્યાન કે મહિના દરમ્યાન શું કરશે તેનું આયોજન કરવામાં સહાય. કરે.

તેમણે રીપોર્ટમાં જણાવ્યા મુજબની જરૂરિયાતો અનુસાર પ્રવૃત્તિઓ કરવાનું આયોજન કરવું તે અને તેમનું ટોળું જે કામો કરવા માંગે છે તેને વ્યવસ્થિત રીતે લખો.

સમસ્યાઓ કે જે ઉભી થયા કરે છે. તે પાછળ સમયન વેડફશો. હંમેશા નવી પ્રવૃત્તિઓનું આયોજન કરો.

શેતાન જે પ્રશ્નો ઊભા કરે છે તેનો સામનો કરવામાં જ વ્યસ્ત રહીને તેની સાથે ડાન્સ ના કરશો. ટોળાએ હજુ સુધી કરી નથી તેવી પ્રવૃત્તિઓ શરૂ કરવાનું ચાલુ રાખો. અથવા જે પ્રવૃત્તિઓ નબળી પડી ગઈ છે તેને બળવાન બનાવો. હકારાત્મક પાસાઓ પર ધ્યાન આપીને ટોળારૂપી ઈમારતને બાંધવાનું ચાલુ રાખો.



**''માત્ર મારી ધૂન પર નૃત્ય કરો.''**

તાલિમ આપનાર અને લેનાર બંને પાસે યોજનાની કોપી રાખવી અને પછીના સેશનમાં તેને જોઈ જવી.

**૪. આગળના શિક્ષણ સમયગાળા વખતે સોંપવામાં આવેી બાબતો જોઈ જવી.**

તાલિમ લેનાર તેમના વાંચનમાંથી શું શિખ્યા તે પૂછો. તેમને તે વિષે કહેવા દો.

જો તેમનાથી અભ્યાસ બરાબર થયો ના હોય તો તેમને ફરીથી વાંચવાનું કહો. તેમને બીજો અભ્યાસ સોંપશો નહી ચાલુ અભ્યાસમાં પાકા થવા દો.

દરેક પોતે શું શિખ્યા તે કહી જણાવે.

**૫. ચાલુ જરૂરિયાતો અને સેવા માટેની તકો ધ્યાનમાં રાખીને અભ્યાસ આપો.**

દરેક તાલિમ લેનારને સરખો અભ્યાસ આપશો નહી. તેમના ટોળાની જરૂરિયાત અને સેવા માટેની તકો પ્રમાણે અભ્યાસ આપો.

એકદમ નવા વિદ્યાર્થીને એક જ અભ્યાસ આપો.

પોલ તિમોથી યુઝર્સમેનુ (માર્ગદર્શન-૨) નો ઉપયોગ કરો.

**તમારી યોજના લખો.**

ઉપરની પાંચ બાબતો જે તમે તમારા સેશન દરમ્યાન તમારા તાલિમાર્થી સાથે કરશો. તેને નીચે મોઢે લખો.

૧. ______________________________

૨. ______________________________

૩. ______________________________

૪. ______________________________

૫. ______________________________

તમારા તાલિમાર્થી માટે તમે કેવી રીતે પોલ-તિમોથી સ્ટડી મેળવશો ?

______________________________________________________________________________

______________________________________________________________________________

______________________________________________________________________________

______________________________________________________________________________

## માર્ગદર્શન-૯ પોલ તિમોથી અભ્યાસ તરત ખાતરીપૂર્વક અમલમાં મૂકવાના આશયથી વાપરો.


નવા આગેવાનો માટે દરેક પોલ તિમોથી અભ્યાસમાં ત્રણ ભાગ હોય છે.

૧. બાઈબલ અભ્યાસ દ્વારા તમને તૈયાર કરો,

૨. આગામી અઠવાડિયાની પ્રવૃત્તિનું આયોજન કરો.

૩. આગામી ભજનસેવાનું આયોજન કરો.

### ૧. બાઈબલ અભ્યાસ દ્વારા પોતાને તૈયાર કરો



તમે શું કરશો અને કેવી રીતે કરશો તે માટે.પવિત્ર શાસ્ત્રનો માર્ગદર્શક રાખો.


તમે જે શીખવશો કે સુવાર્તા પ્રચાર કરશો, ઠરાવશો કે ભજન કરશો તે માટે દેવના વચનનો આધાર લો. કેવળ શિક્ષણ બાબતે મનનો સંતોષ પૂરતો નથી.

દરેક અભ્યાસમાં ઘણી બાબતોનું લીસ્ટ આપેલું છે જે તમારે દેવના વચનમાંથી શોધવાનું છે. બીજી ભજનસેવા વખતે તમે તે શિખવી શકો અને જે બાબતો શાસ્ત્રભાગમાંથી શોધવાની હતી તે વિષે પ્રશ્નો પૂછી શકો.

### ૨. આવનાર અઠવાડિયાની પ્રવૃત્તિઓની યોજના

અઠવાડિયા દરમ્યાન તમે અને અન્ય વિશ્વાસીઓ કરી શકે તેવી પ્રવૃત્તિઓના ઘણા વિકલ્પોની સૂચિ દરેક અભ્યાસમાં આપેલી છે. તમારી ચાલુ જરૂરિયાતો અને સ્થાનિક રસમો અનુસારની પ્રવૃત્તિઓ તેમાંથી પસંદ કરો બાકીની છોડી દો.

ભજનસેવા વખતે આ યોજનાને જાહેર કરો અને સમજવા. દરેક વિશ્વાસી પોતની વિવિધ સેવા દ્વાર તેમાં યથાશક્તિ ભાગીદાર થાય માટે સહાય કરો.




ભજનસેવા વખતે તમે જે શિક્ષણ આપો તે દ્વારા વિશ્વાસીઓ આ પ્રવૃત્તિઓ કરવા તૈયાર થવા જોઈએ. જો કોઈ શાસાત્રનું સૈદ્ધાંતિક શિક્ષણ વ્યવહારિકતા વગર, પોતાની ફરજ બજાવ્યા વગર આપે છે તો તે દેવના વચનનો ગેરઉપયોગ કરે છે. (યા.૧:૨૨, એફે.૨:૮-૧૦ ૨તિ.૩:૧૬-૧૭)


વિશ્વાસીઓ અઠવાડિયા  દરમ્યાન શું કરશે તેનું આયોજન અગાઉથી સાથીદારો સાથે કરો.

- એકબીજાને આશીર્વાદ આપવા (ગલા ૫:૧૩)
- દરેક કુટુંબને આશીર્વાદ આપવા (એફે. ૫:૨૧-૩૩, ૬:૧-૪)
- આસપાસના સમાજને આશીર્વાદ આપવા (માત. ૫:૨૧-૩૩ ૬:૧-૪)
- અન્ય મંડળીઓને આશીર્વાદ આપવા (પ્રે. ૧૫:૪૧)

### ૩. આવનાર ભજનસેવા વિષે આયોજન

એ બાબતની ચોકસાઈ કરો કે તમારા તાલિમ જૂથમાંની દરેક વ્યક્તિ, બાળકો સહિત, ભજનસેવામાં ભાગ લે અને પોતાના આત્મિક દાન વાપરીને એકબીજાની ઉન્નતિ કરે. પોલ તિમોથી અભ્યાસ બાળકોને બાયબલની વાર્તાઓનું નાટકીકરણ કરવામાં, ગીતો અને ગીતશાસ્ત્રની કલમો મુખપાઠ કરવામાં અને પ્રશ્નો પૂછવામાં સહાય કરે છે.

શેતાનના ભજનારાઓ નવાપાળકો વિષે કાન માંડે છે.'તમારૂં ગ્રુપ નાનું છે માટે તમે બરાબર આયોજન કર્યું નથી.' જ્યારે પાળક પોતાના ટોળાને સર્વશક્તિમાન દેવની હાજરી કરાવે તેવી તૈયારી ના કરી શકે ત્યારે તે પાપ માફ કરે છે.



**'તમારૂં ગ્રુપ નાનું છે માટે તમે બરાબર આયોજન કર્યું નથી.**
**હા...હા....હા...'**

જ્યારે પોલ તિમોથી સ્ટડી ઘણી પ્રવૃત્તિઓનું સૂચન કરે છે ત્યારે તમારા ટોળા માટે જરૂરી પ્રવૃત્તિઓ જ પસંદ કરો, બાકીની છોડી દો.

**તમારી યોજના લખો.**

તમારા તાલિમાર્થી ઓ માટે ક્યો અભ્યાસ તમે પ્રથમ પસંદ કર્યો છે ?

______________________________________

હવેની ભજનસેવા માટે તમે કેવી યોજના કરી છે ?

______________________________________

______________________________________

તમારા તાલિાર્થીઓએ હવેની ભજનસેવા માટે કેવી યોજનાઓ કરી છે ?

______________________________________

______________________________________

______________________________________

______________________________________

**માર્ગદર્શન-૧૦ તાલિમ લેનારાઓ જે રીતે શિક્ષણ આપે તેની ચકાસણી કરવામાં મદદ કરો.**

ઈસુ અને તેના પ્રેરિતોએ શિક્ષણની ઘણી રીતો અપનાવી. પાઉલે દરેકને કોઈને કોઈ રીતે ભાગ લેવા કહ્યું છે. ૧ કોરંથી ૧૪ : ૨૬ ''જ્યારે તમે એકઠા થાઓ છો ત્યારે તમારામાંના કોઈ સ્તોત્ર ગાય છે, કોઈ બોધ કરે છે, કોઈ પ્રકટીકરણ જાહેર કરે છે, કોઈ અન્ય ભાષામાં બોલે છે. અને કોઈ તેનો અર્થ સમજાવે છે.''



આ રીતે દરેક જણ ભાગ લે તેનાથી પવિત્ર આત્મા વધારે સામર્થ્યથી કાર્ય કરે છે. પોલ તિમોથી સ્ટડી ભજન ના સમય માટે વિવિધ શિક્ષણ પ્રવૃત્તિઓ બતાવે છે.

ગોળાકારે અથવા અર્ધગોળાકારે ખુરશીઓ ગોઠવો જેથી બધા એકબીજાને જોઈ શકે.

પ્રશ્નો પૂછવા અને તેના જવાબમાં ચર્ચા થાય તે દ્વારા લોકો વધારે સારૂં શીખી શકે છે.

એ કે બે માણસો જ મોટા ભાગની ચર્ચામાં છવાઈ જાય તેવું ન થવા દો. આ પ્રમાણે કહેવું, 'હવે આપણે જે એક પણ શબ્દ બોલ્યા નથી તેમને પૂછીશું. અમે દરેક જણ બોલે, પોતાના વિચારો રજુ કરે, દાખલા આપે, પ્રશ્ન પૂછે તે ચાહીએ છીએ.'



જેઓ શરમાળ હોય તેમને મુંઝવશો નહિ. જો તેઓ શાંત રહેવા માંગતા હોય તો રહેવા દો.

નાના જૂથમાં શિક્ષણ ફક્ત ભાષણ દ્વારા જ ન આપો. ભાષણ માટે અનુભવ જરૂરી છે અને તે મોટા જૂથમાં થઈ શકે. નવા પાળકો જ્યારે ભાષણ આપે અને તેઓ જુવાન હોય ત્યારે અભિમાનમાં પડે છે. તેઓ ઠપકાં આપે, દલીલખોર બને છે અને મૂર્ખ નિયમો કાઢે છે.

વચન શીખવાની અસરકારક રીત નાટકની જેમ તેનું વાંચન કરવાની છે. મોટાભાગની શેફર્ડ સ્ટડીઝ કે ચીલ્ડ્રન સ્ટડીઝમાં ઓછામાં ઓછી એક વાર્તા હોય છે. જેને નાટકની રીતે વાંચી શકાય કે ભજવી શકાય. બાઈબલ વાર્તાઓના સંવાદો બીજાઓને વાંચી કે કરી બતાવવા દો જો તેઓ કરી શકતા હોય તો. દા.ત : વર્ણન કરનાર ઉડાઉ દીકરાની વાર્તામાં સંવાદ સિવાયના ભાગો વાંચે. જ્યારે પિતા, નાનો દીકરો, મોટો દીકરો, નોકરો વિ.ભાગો બીજા માણસો વાંચે. તેથી તે અસરકારક બનશે.

લોકોને ટૂંકા નાટકો કરવા દો. જે બાઈબલ સત્યો ભજવી બતાવતા લોકો જૂએ છે. તેનાથી તેઓ વધુ સારૂ સમજી શકે છે. અને તેમાં જો પોતે સામેલ હોય તો એથી પણ વધારે સારૂ સમજી શકે છે.

બહુ ભપકાદાર પ્રદર્શન ન કરો કે જેમાં વધારે મહેનત અને સાધનસામગ્રી જરૂરી હોય તેમ કરવાથી લોકોનું ધ્યાન બાઈબલના સત્ય કરતા બીજ ધ્યાનાકર્ષક બાબતોમાં પરોવાશે.

ભજવનારા જો પુખ્ત કે મોટા છોકરા હોય તો તેમણે સંવાદો ગોખવા નહીં પણ તેનો સામાન્ય અર્થ ધ્યાનમાં રાખીને પોતાની રીતે બોલવું. દા.ત. ઉડાઉ દીકરાની વાર્તામાં વર્ણન કરનાર વાર્તા વાંચે કે ટૂંકમાં કહે પછી બોલે 'સાંભળો ઉડાઉ દીકરો શું કહે છે' પછી ઉડાઉ દીકરો પોતાનો ભાગ વાંચશે અથવા પોતાની રીતે બોલશે. બે બાળકો હૃષ્ટ પૃષ્ટ વાછરડો બને. (તેમના ઉપર બ્લેન્કેટ નાખવો અને તેઓ ઝીણો અવાજ કરતા ચોતરણ ફરે.)

પ્રભુ ઈસુના ખૂબ વિખ્યાત અને અસરકારક ભાષણ વિષે વિચારો. દરિયા કિનારે મોટા સમુહને શિક્ષણ આપ્યા પછી પ્રભુ ઈસુ બાર શિષ્યો સાથે પહાડ પર જાય છે. ત્યાં પુલપીટ કે ખુરશીઓ ન હતી. તેઓ નીચે બેઠા અને પહાડ પરનું પ્રખ્યાત ભાષણ આપ્યું. (માત્થી ૫-૭)

**તમારી યોજનાઓ લખો.**

તમારૂં ટોળુ ફરી વાર મળે ત્યારે તેમને શિક્ષણ આપવા માટે તમે કેવી યોજના કરી છે ?


________________________________________

________________________________________

બીજી ભજનસેવામાં તમે કેવી રીતે શિક્ષણ આપશો જેથી વિશ્વાસીઓ અને બાળકો દેવના વચનને રજુ કરવામાં સક્રિય ભાગીદાર બને ?

________________________________________

## માર્ગદર્શન-૧૧ નવા પાળકોને બાઈબલ માર્ગ પાળવાની જવાબદારી સોંપવી



નવા પાળકોને જવાબદારી સોંપવા માટે બાઈબલની રીતે એ છે કે તેમના માથે હાથ મૂકીને દેવના અવિરત સામર્થ્ય માટે પ્રાર્થના કરવી.

તેઓ વડીલ જેવાં હોય અને ૧ તિ.૩:૧-૭ મુજબની લાયકાતો ધરાવતા હોય. તેમાં નવા થયેલા વિશ્વાસી છુટું પાડવું ના હોવા જોઈએ. કાયમી વડીલ બનાવતા પહેલાં તેઓ પરખાયેલા હોવા જોઈએ.



કેટલાક ચર્ચોમાં થિઓલોજીની ડીગ્રીવાળા જુવાન પાળકોને જવાબદારી સોંપવામાં આવે છે. તેઓની પારખ થયેલી હોતી નથી કે લોકો તેમને જાણતા હોતા નથી કે જે બાઈબલ પ્રમાણેની જરૂરિયાતો છે.

જ્યારે માનવસર્જીત લાયકાતો નવા આગેવાનો માટે અમલમાં મૂકવામાં આવે અને બાઈબલની જરૂરિયાતોને અવગણવામાં આવે ત્યારે ખરાબ પરિણામો આવતા હોય છે. અને દેવના લોકોને નુકશાન થાય છે.

હાથ મૂકવા માટેની બાઈબલની લાયકાતો ન ધરાવતા હોય તેવા નવા આગેવાનોને તૈયાર કરો કારણકે તાલિમ વગર તેઓ લાયકાતના દરજ્જામાં આવી શકશે નહીં. વધારે અનુભવી આગેવાનની તાલિમ નીચે આવા નવા તૈયાર થઈ રહેલા આગેવાનો પોતાના કુટુંબને કે શોધકોના જૂથને કે નવા વિશ્વાસીઓ જેઓ પોતાની નવી મંડળીમાં ઉમેરાયા છે. તેમને પાળક તરીકે દોરી શકશે. હજુ તેઓ પૂર્ણ શિક્ષિત નહીં હોવાને કારણે તેઓ કાયદેસર વડીલ ગણાશે નહીં પણ તેઓ કામચલાઉ કે શિખાઉ પાળક તરીકે ગણના પામશે.

**તમારી યોજનાઓ લખો.**

તમે તાલિમ આપો છો તેઓમાં અનુભવસિધ્ધ તૈયાર વડીલ કે પાળક કોઈ છે ?

________________________________________

________________________________________

________________________________________

________________________________________

________________________________________

________________________________________

________________________________________

Copyright © 2004 by Paul - Timothy. May be freely copied. Download from www.Paul-Timothy.net